મે ૨૦૧૦ દાદા ભગવાન પરિવારનું કિંમત રૂ. ૧૨/-

# અક્રમ એક્સપ્રેસ



# અક્રમ એક્સપ્રેસ

## રજા.. એ મજા..

બાળમિત્રો,

તમે વેકેશનની મજા માણી રહ્યા હશો, ખરું ને ! પણ મારો અનુભવ છે કે ભલે વેકેશનમાં સ્કૂલ ન હોય, ભણવાનું ન હોય, પરીક્ષાનું ટેન્શન ન હોય, ફક્ત ખાવા-પીવાનું, હરવા-ફરવાનું અને રમવાનું જ હોય છતાં ક્યારેક એમાંય કંટાળો આવી જતો હોય છે. શું તમને પણ એવું થાય છે ? તો ત્યારે તમે શું કરો ?

કંટાળો શા કારણે આવે છે અને કંટાળો આવે ત્યારે શું ઉપાય કરવા એની સુંદર સમજણ પરમપૂજ્ય દાદાશ્રીએ આ અંકમાં આપી છે.

ઉપરાંત, આ અંક તમારા વેકેશનને મજાનું બનાવવા બીજું ઘણું સરસ સરસ લઈને આવ્યો છે.

તો ચાલો વાંચીએ...વેકેશનને માણીએ અને કંટાળાથી મુક્ત થઈએ.

-ડિમ્પલ મહેતા

## અનુક્રમણિકા


જ્ઞાનીઓ કહે છે........................................૧
બર્થ ડે ગીફ્ટ...........................................૨
રોહિણેય ચોર..........................................૬
ઐતિહાસિક ગૌરવગાથાઓ.........................૧૦
હા...હા...હી...હી.....................................૧૩
આ તો નવી જ વાત !...............................૧૪
મીઠી યાદેં..............................................૧૬
ચાલો રમીએ...........................................૧૮
મગજ કસો..............................................૨૦
પઝલના જવાબો......................................૨૧
પીગી બેન્ક ( ક્રાફ્ટ વર્ક )..........................૨૧



**તંત્રી તથા સંપાદક :**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૨, અંક : ૯
સળંગ અંક : ૨૧
**મે ૨૦૧૦**



**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org

**અમદાવાદ:** (૦૭૯)૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯
**રાજકોટ ત્રિમંદિર :** ૯૨૭૪૧૧૧૩૯૩
**વડોદરા :** (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
**મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
**U.S.A.**: ૭૮૫-૨૭૧-૦૮૬૯
**U.K.**: ૦૭૯૫૬૪૭૬૨૫૩
**Website:** kids.dadabhagwan.org



**Publisher,Editor & Printed, Published from Dimple Mehta on behalf of Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Print at:-**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# જ્ઞાનીઓ કહે છે...

દાદાશ્રી : કોઈ ફેરો કંટાળો આવે ખરો કે?

પ્રશ્નકર્તા : કંટાળો તો આવે ને! જે ન ગમતું હોય એમાં કંટાળો આવે.

દાદાશ્રી : હા, કંટાળો નામ શેના પરથી પડ્યું હશે ? આ કાંટા બધા આમ પડ્યા હોય, ને તેની ઉપર આમ પથારી કરી હોય તો પછી કેવી શાંતિ રહે ? પછી કંટાળો આવે. કાંટાની પથારી, એનું નામ કંટાળો. તને આવી પથારીમાં સૂવું ગમે ? એ પસંદ પડે ?

પ્રશ્નકર્તા : એવું કોને પસંદ પડે?

દાદાશ્રી : ના પસંદ પડે તો એનો ઉપાય ખોળી કાઢવો પડે. તે ખોળી કાઢ્યો છે ? શું ખોળી કાઢ્યો છે ?

પ્રશ્નકર્તા : અમુકવાર એવું થાય કે આપણે ખુશ હોઈએ અને અચાનક કંટાળો આવવા લાગે.

★★★

પ્રશ્નકર્તા : કાયમ ખુશ રહેવા શું કરવું જોઈએ ?

પૂજ્યશ્રી : આપણે આપણી પ્રકૃતિને ઓળખવી જોઈએ કે આપણું મન શેમાં ખુશ થાય છે, આપણને શું ગમે છે, શેમાં રસ છે અને બીજું આપણું હિત શેમાં છે ? એવું થોડું સમજી લેવું જોઈએ. પછી એ પ્રમાણે જુદી જુદી વસ્તુ આપણી પાસે રાખવી જોઈએ. અમુક વસ્તુમાં આપણું મન કંટાળે ત્યારે એને બીજો ખોરાક આપીએ, ત્રીજો ખોરાક આપીએ, એમ પાંચ-દસ જાતની વેરાયટી આપણી પાસે હોય. દા.ત. મમ્મીને કામમાં મદદ કરીએ, ઘરને સાફસૂફ કરી નાખીએ, ફ્રેન્ડસને મદદ કરવા જઈએ, માંદાની સેવા કરીએ, કોઈ નવું કામ શીખીએ, ધાર્મિક કથાવાર્તાની ચોપડી આવે છે એ વાંચીએ. એટલે શું કે વેરાયટી ઓફ વર્ક (વિવિધ પ્રવૃત્તિઓ) રાખ્યું હોયને તો પછી આપણું મન કંટાળે નહીં અને આનંદ રહે.

આપણે એવો આનંદ લેવો જોઈએ કે કોઈને દુઃખ ના થાય, કોઈ કચડાય નહીં, બધાને મદદ થઈ શકે, બધાને સુખ થઈ શકે એવા કંઈક રસ્તા હોવા જોઈએ. અને છેવટે ઘર તો આપણું છે જ. મમ્મીને મદદ કરો, પપ્પાને મદદ કરો કે ભાઈ-બહેનને મદદ કરો. બીજાને મદદ કરવામાં બહુ સુખ ઉત્પન્ન થાય છે. મને કેવી રીતે સુખ મળે, મને કેવી રીતે મજા આવે, એને બદલે કો'કને સુખ આપવામાં આપણું સુખ સમાયેલું જ છે અને બીજાને આનંદ કરાવવામાં જઈશુંને તો આપણને ક્યારેય કંટાળો આવવાનો જ નથી.

આ તો પોતાને સુખ જોઈએ છે. પછી મમ્મી ભલે મદદ માટે બુમાબુમ કરતી હોય તો, તારું જે થાય એ, મને ટી.વી. જોવા દે એટલે મને મજા આવે બસ. જો ફક્ત આપણા સુખ માટે જીવશુંને તો એ સુખ હંમેશાં પરિણામે દુઃખ જ આપશે. પછી દુઃખ વખતે આપણને નવું કંઈ સૂઝશે નહીં. જ્યારે બીજાને સુખ આપવાના ઉપાયમાં આપણે આનંદમાં પણ હોઈશું અને આપણને એડજસ્ટમેન્ટ લેતા પણ આવડશે.



કાંટાની પથારી

# બર્થ ડે ગીફ્ટ

"મમ્મી, રાજીવની બર્થ ડે પાર્ટીમાં શું મજા આવી ગઈ! આખું ઘર શણગારેલું હતું. મોટા મોટા ફુગ્ગા, રંગબેરંગી સુગંધીદાર ફૂલો, પેઈન્ટિંગવાળી કાચની ફૂલદાની, લાલ રેશમી જાજમ, અત્તરની સુગંધ, મિત્રોની શુભેચ્છાઓ, વડીલોના લાડ-પ્યાર અને ભેટોનો તો જાણે વરસાદ..."

પ્રાચી એકી શ્વાસે બોલી રહી હતી, "નાની-મોટી, મોંઘી, સુંદર ભેટો, ફૂટબોલ, વિડિયો ગેમ, પેન સેટ અને શું નહીં! એના મમ્મી-પપ્પાએ એને ગીફ્ટમાં સાયકલ આપી. આવી રીતે બર્થ ડે ઊજવવાની શું મજા આવી જાય!" પ્રાચી ઊછળી ઊછળીને એના ફ્રેન્ડ રાજીવની બર્થ ડે પાર્ટીનું વર્ણન કરી રહી હતી.

પ્રાચીની વાતો સાંભળીને એના મનમાં શું ચાલી રહ્યું છે એ એના મમ્મી-પપ્પા સમજી ગયા. અઠવાડિયા પછી જ પ્રાચીની બર્થ ડે હતી. પ્રાચીને પણ એની બર્થ ડે આવી જ આલિશાન રીતે ઊજવવી હતી. પણ એ ખુલ્લું બોલી નહોતી શકતી.

એના પપ્પાએ કહ્યું, "આપણે પણ તારી બર્થ ડે સરસ રીતે ઊજવીશું." આ સાંભળી પ્રાચી ખુશ ખુશ થઈ ગઈ.

આખરે પ્રાચીનો જન્મદિવસ આવી ગયો. સવારે ઊઠતાં જ એની સામે એના મમ્મી-પપ્પા અને નાનો ભાઈ હર્ષ ઊભા હતા. ત્રણે 'હેપ્પી બર્થ ડે ટુ યુ' ગાઈને પ્રાચીને ભેટી પડ્યા. પ્રાચીએ હાથ લાંબો કરી પૂછ્યું, "મારી ભેટ ?" એના પપ્પાએ આંખો પહોળી કરતાં કહ્યું, "એ તો સાંજે પાર્ટીમાં જ મળશે."

પાર્ટીનું નામ સાંભળતા પ્રાચી ઉત્સાહમાં આવી ગઈ. એ ઉતાવળે બોલી, "ઓહો, મારે કેટલા કામ કરવાના છે. નાહીને મંદિરે જવાનું છે, પૂજા કરવાની છે, બધા ફ્રેન્ડસને આજની પાર્ટી માટે ફોન કરવાનો છે, સાથે સાથે રોહિણીમાસી, અભયમામા, બેલાકાકીને પણ બોલાવવાના છે, હર્ષને ઘર સજાવવામાં મદદ કરવાની છે. બાપ રે ! ઘણા કામ



છે.'' કહી એ પલંગમાંથી કૂદી.

તૈયાર થઈને પ્રાચી મંદિરે પૂજા કરવા ગઈ. વળતી વખતે સોસાયટીના એના ફ્રેન્ડસને પાર્ટી માટે આમંત્રણ આપતી આવી. આજે એની ખુશી સમાતી ન હતી. એના મમ્મી-પપ્પા પણ એને જોઈને બહુ ખુશ હતા. એમને અંદરથી ઈચ્છા હતી કે પ્રાચી આજના ખાસ દિવસે કંઈક નવું શીખે. પ્રાચીના બધા ફોન પૂરા થઈ ગયા બાદ એના પપ્પાએ કહ્યું, ''ચાલો આપણે બહાર જઈએ.''

આ સાંભળી પ્રાચી અને હર્ષ બન્ને ગાડીમાં આગળની સીટ પર બેસવા દોડ્યા. એના પપ્પાએ ડીકીમાં કંઈક મૂક્યું. પ્રાચીએ પૂછ્યું ત્યારે એના પપ્પાએ જવાબ આપ્યો, ''થોડી વારમાં તને ખબર પડી જશે.'' કહી ગાડી ચાલુ કરી.

ઘણા દૂર ગયા બાદ એક જગ્યા પર ગાડી ઊભી રહી. જગ્યા બન્ને બાળકો માટે નવી હતી. બન્ને મમ્મી-પપ્પા સાથે ઓફિસ તરફ ચાલ્યા. ચાલતા ચાલતા હર્ષે પૂછ્યું, ''આપણે ક્યાં આવ્યા છીએ મમ્મી ?''

મમ્મી બોલ્યા, ''અહીં તારા જેવડા ઘણા બાળકો રહે છે.'' હર્ષે આશ્ચર્ય સાથે પૂછ્યું, ''અહીં કેમ? એમના મમ્મી-પપ્પા સાથે કેમ નથી રહેતા ?'' પ્રાચી પણ આનો જવાબ સાંભળવા આતુર હતી.

''એમના મમ્મી-પપ્પા આ દુનિયામાં રહ્યા નથી.'' એની મમ્મીએ નિસાસો નાખતા કહ્યું. મમ્મી શું બોલી ગયા એ બન્નેને સમજાયું નહીં. એટલામાં તો બધા ઓફિસમાં પહોંચી ગયા. એમના પપ્પાએ ત્યાંના મુખ્ય કાર્યકર્તા ચિત્રાબેનને પોતાની તેમ જ પોતાના પરિવારની ઓળખાણ કરાવી. ગાડીની ચાવી ટેબલ પર મૂકતાં એમણે કહ્યું, ''ડીકીમાંથી બધી ભેટ લેવડાવી લો.''

''ભેટ'' પ્રાચીથી જોરથી બોલી જવાયું, ''કઈ ભેટ, પપ્પા ?''

''શશશશશશશ...... ધીમેથી બોલ પ્રાચી.'' મમ્મીએ પ્રાચીને ટકોરી.

**“ પ્રાચીએ હાથ લાંબો કરી પૂછ્યું, ''મારી ભેટ ?'' એના પપ્પાએ આંખો પહોળી કરતાં કહ્યું, ''એ તો સાંજે પાર્ટીમાં જ મળશે.'' ”**



પ્રાચીને ગુસ્સો આવ્યો, ‘‘પપ્પા, મારી બધી ભેટ આ બાળકોને શા માટે આપી દે છે ?’’

ચિત્રાબેનની પાછળ બધા ચાલ્યા. ચાલતા ચાલતા તેઓ એક મોટા હોલમાં દાખલ થયા. આખો હોલ બાળકોથી ભરાયેલો હતો. નાનકડા બાળકો આંખો પટપટાવતા પ્રાચી અને હર્ષને જોઈ રહ્યા.

બાળકોને ઓળખાણ કરાવતા ચિત્રાબેને કહ્યું, ‘‘બાળકો, આજે તમારા બે નવા મિત્રો તમને મળવા આવ્યા છે, પ્રાચી અને હર્ષ.’’ સાંભળી બધા બાળકોના મોઢા પર હાસ્ય ફરક્યું. ચિત્રાબેને આગળ ચલાવ્યું, ‘‘આજે પ્રાચીની બર્થ ડે છે. આપણે બધા એને બર્થ ડે નિમિત્તે શુભેચ્છા આપીશું. આપીશું ને?’’ આ સાંભળી બધા તાળીઓ પાડવા લાગ્યા અને એક રાગમાં ‘હેપ્પી બર્થ ડે ટુ યુ ડીયર પ્રાચી’ ગાવા લાગ્યા.

આવી અણધારી ઊજવણીથી પ્રાચીને અચરજ સાથે ખુશી થઈ. અહીં પોતે કોઈ વિશેષ વ્યક્તિ છે એવું લાગ્યું. એણે ધીમા અવાજે બધાને ‘થેન્ક યુ’ કહ્યું. ત્યાં સુધીમાં એક માણસ બોક્સ લઈ આવ્યો. ચિત્રાબેને એને પ્રાચીની બાજુમાં મૂકવાનું કહ્યું. પ્રાચીને સમજાવતા એના પપ્પા બોલ્યા, ‘‘બેટા, જેમ તારી પાસે મમ્મી-પપ્પા છે, ભાઈ છે, એમ આ બાળકો પાસે એમનું કોઈ નથી. ચિત્રાબેન એમને પ્રેમથી ઉછેરે છે, ભણાવે-ગણાવે છે. જ્યાં સુધી એ લોકો ભણી-ગણીને કમાતા ન થઈ જાય ત્યાં સુધી અહીં એમની બધી સારસંભળ લે છે. ફ્રેન્ડ સાથે તો તું દર વર્ષે બર્થ ડે ઊજવે છે. આ વખતે આમની સાથે બર્થ ડે ઊજવ. દરેકને તારા હાથે એમાંથી ભેટ આપજે. હં ?’’ પપ્પાએ બોક્સ તરફ આંગળી ચીંધતા કહ્યું.

પ્રાચીએ ‘હા’ કહી માથું હલાવ્યું. ત્યાર બાદ એક-એક બાળક પ્રાચી પાસે આવતો ગયો. ફરી ‘હેપ્પી બર્થ ડે’ કહી એની સાથે હાથ મિલાવતો, પ્રાચી એને બોક્સમાંથી ભેટ કાઢીને આપતી. ભેટ લઈ હસતા ચહેરે બાળક



પોતાની જગ્યા પર બેસી જતો. કેટલાક તો હાથ મિલાવીને પ્રાચીને ભેટતા પણ. જેમ જેમ પ્રાચી ભેટ આપતી ગઈ એમ એમ એની અંદર આનંદ ઊભરાવા લાગ્યો. ભેટ મેળવીને હસતા અને ખુશ દેખાતા બાળકોના ચહેરા જોઈને પ્રાચીના આનંદની કોઈ સીમા ન રહી. એ વારે વારે ખુશ થઈને એના મમ્મી-પપ્પા સામે જોતી. મમ્મી-પપ્પા પણ એની સામે પ્રેમથી હસતા. હોલમાં આનંદનું વાતાવરણ પ્રસરી ગયું. પ્રાચીએ ક્યારેય આવી રીતે બર્થ ડેની ઊજવણી ધારી ન હતી.

ત્યાર બાદ તેઓ બધા બાળકો સાથે જમવા બેઠા. બાળકો એમને પીરસવા માટે ઉત્સુક હતા. પીરસતી વખતે તેઓ ફરી ફરી પ્રાચીને શુભેચ્છા આપતા. પ્રાચી માટે આ આનંદ કલ્પના બહારનો હતો. આવું પ્રેમભર્યું જમણ પણ પ્રાચી માટે યાદગાર હતું.

જમ્યા બાદ તેઓ ઘરે જવા ગાડીમાં બેઠા. પ્રાચીને ઘરે જવું ન હતું. એને તો હજી બાળકો સાથે રમવું હતું. મમ્મીએ એને સાંજની પાર્ટી યાદ દેવડાવી તેથી એ ચૂપચાપ ગાડીમાં બેસી ગઈ. બારીમાંથી ફરી એણે બાળકો સામે જોયું. બધા બાળકો જોર જોરથી હાથ ઊંચો કરી એને 'બાય' કહી રહ્યા હતા. પ્રાચી અને હર્ષે પણ બધાને 'બાય' કહ્યું.

ગાડીમાં બેઠેલી પ્રાચી બાળકોના વિચારોમાં જ ખોવાયેલી હતી. ત્યાં મળેલા નાનકડા બાળકોના સુંદર ચહેરા, નિર્દોષ ટમટમતી આંખો, નિખાલસ મીઠું હાસ્ય પ્રાચીની નજર સામેથી હટતું જ ન હતું. ત્યાં તો એની મમ્મીએ એને ઢંઢોળી, ''આપણું ઘર આવી ગયું પ્રાચી.''

ગાડીમાંથી ઉતરી પ્રાચી એના રૂમમાં ગઈ. એણે પલંગમાં લંબાવ્યું. હજી પણ એ બાળકો સાથે એની બર્થ ડે ઉજવી રહી હતી. હવે એને રાતની પાર્ટીની કે ભેટ મેળવવાની પડી ન હતી. આજે એણે એક નવો જ પાઠ શીખ્યો ''આપવામાં જે આનંદ છે એ બીજા પાસેથી લેવામાં કે પોતાની પાસે સાચવી રાખવામાં નથી.''

આ જન્મદિવસ એ ક્યારેય ભૂલી ન શકી.



# રોહિણેય ચોર


રાજગૃહી નગરીની બહાર વૈભારગીરીની ગુફામાં લોહખૂર નામે એક લૂંટારો રહેતો હતો. એણે લૂંટ-ફાટ અને ચોરીની વિદ્યા એના પુત્ર રોહિણેયને શીખવાડી. ધીમે ધીમે રોહિણેય પણ એક નિપુણ લૂંટારો બની ગયો.

સમય જતા લોહખૂર વૃદ્ધ થવા લાગ્યો. પોતાનો અંત સમય નજદીક જાણી એક દિવસ એણે રોહિણેયને બોલાવી કહ્યું, ‘‘લૂંટ વિદ્યામાં તારી કુશળતા જોઈને મને ઘણો જ આનંદ થાય છે. તારી પ્રગતિ થતી રહે, આ હેતુસર મારી સલાહ છે કે દેવતાના રચેલા સમવસરણમાં બેસીને મહાવીર નામનો યોગી દેશના આપે છે, તેના ભાષણને તું કોઈ વાર સાંભળીશ નહીં.’’ આટલું કહી લોહખૂર મૃત્યુ પામ્યો.

પિતાની અંતિમક્રિયા કર્યા પછી રોહિણેય જાણે બીજો લોહખૂર હોય તેમ નિરંતર ચોરી કરવા લાગ્યો. એ અરસામાં પ્રભુ મહાવીર રાજગૃહી નગરીમાં પધાર્યા. સમવસરણમાં બેસી એમણે દેશના આપવા માંડી. તે વખતે રોહિણેય ચોર રાજગૃહી નગરી તરફ જઈ રહ્યો હતો. ત્યાં માર્ગમાં આ સમવસરણ આવ્યું. તે જોઈને એણે વિચાર્યું કે, ‘જો હું આ માર્ગે ચાલીશ તો મહાવીરના વચન સાંભળી લઈશ, તેથી પિતાની આજ્ઞાનો ભંગ થશે અને આ સિવાય રાજગૃહીમાં જવાનો બીજો માર્ગ પણ નથી. ત્યારે શું કરવું ?’ આવો વિચાર કરી બે કાન આડા હાથ રાખી તે જ માર્ગે રાજગૃહી નગરીમાં ગયો. આવી રીતે એ રોજ ત્યાંથી આવ-જા કરતો.

એક વખત સમવસરણની પાસે જ એના પગમાં કાંટો ખૂંચી ગયો. કાન પરથી એક હાથ લઈને તે કાંટો કાઢવા લાગ્યો. બરાબર એ જ સમયે ભગવાનના શબ્દો એના કાને પડ્યા, ‘‘જેના પગ ધરતીને અડતા નથી, જેની આંખો પલકારા મારતી નથી, જેના ગળાની પુષ્પમાળા ક્યારેય સૂકાતી કે કરમાતી નથી અને જેનું શરીર પરસેવા તથા ગંદકી રહિત હોય છે તે દેવતા કહેવાય છે.’’ આટલા શબ્દો સાંભળવાથી ‘મેં ઘણું સાંભળી લીધું. ધિક્કાર છે મને’ એમ વિચારતો, ઉતાવળે પગમાંથી કાંટો કાઢી





"એક વખત સમવસરણની પાસે જ એના પગમાં કાંટો ખૂંચી ગયો. કાન પરથી એક હાથ લઈને તે કાંટો કાઢવા લાગ્યો. બરાબર એ જ સમયે ભગવાનના શબ્દો એના કાને પડ્યા"

અને પાછા કાન પર હાથ મૂકી રોહિણેય ત્યાંથી પોતાના કામે ગયો.


રોહિણેયનો ત્રાસ રાજ્યમાં વધવા લાગ્યો. તે એક મોટો આતંકવાદી બની ગયો. આખા રાજ્યમાં વધી ગયેલી લૂંટફાટથી શ્રેણિક રાજા પણ ચિંતિત હતા. એમણે એને પકડવાના ઘણા પ્રયત્નો કર્યા હતા પણ દર વખતે એ સૈનિકોને દગો આપી ભાગી છૂટતો હતો. અંતે એમણે આ કામએમના મંત્રી અભયકુમારનો સોંપ્યું. અભયકુમારની યુક્તિ રોહિણેયને પકડવામાં સફળ તો રહી પણ ગુનાની કબૂલાત વગર કોઈ પણ જાતનો દંડ આપવો યોગ્ય ન હતું. પણ રોહિણેય પાસે ગુનાની કબૂલાત કરાવવી શી રીતે?

અભયકુમારે ફરી એક યુક્તિ ઘડી. રોહિણેયને ખૂબ દારૂ પીવડાવી બેશુદ્ધ કર્યો. દેવતાના વિમાન જેવા, મહા મૂલ્યવાન રત્નોથી જડિત, સાત માળના એક મહેલમાં દેવલોક જેવું વાતાવરણ ઊભું કરવામાં આવ્યું. આજુબાજુથી સુવાસિત ફૂલોની સુગંધ રેલાતી. બધી અપ્સરાઓ તેની આગળ પાછળ નૃત્ય કરતી અને ચારેબાજુ મધુર સંગીત છલકાતું. બેશુદ્ધ રોહિણેયને એ મહેલનાં પલંગ પર સુવાડ્યો.


થોડી વાર પછી રોહિણેયને ભાન આવ્યું. સ્વર્ગ જેવું વાતાવરણ જોઈ એણે પૂછ્યું, "હું ક્યાં છું ? અને તમે બધા મારી આટલી બધી સેવા કેમકરો છો ?" અપ્સરા બનેલી નારીએ કહ્યું, "તમે સ્વર્ગમાં છો અને તમે


અમારા દેવ છો.'' થોડીવાર પછી સુંદર વસ્ત્રોથી સજ્જ એક દૂત ત્યાં પ્રવેશ્યો. એના હાથમાં સોનેરી પુસ્તક હતું. રોહિણેય પાસે આવીને એ બોલ્યો, ''સ્વર્ગના ભૌતિક સુખો ભોગવતા પહેલા તમારા પાછલાં ભવમાં કરેલાં સત્કાર્યો અને દુષ્કાર્યોનું વર્ણન કરો.''

આ સાંભળી રોહિણેય વિચારમાં પડ્યો કે,'આ શું સત્ય હશે કે મારી કબૂલાત પછી મને પકડી લેવાની અભયકુમારની



યુક્તિ હશે? પણ હવે એની ખાતરી શી રીતે કરવી?' એ જ સમયે એને ભગવાન મહાવીરના સાંભળેલા શબ્દો યાદ આવ્યા કે, 'જેના પગ ધરતીને અડતા નથી, જેની આંખો પલકારા મારતી નથી, જેના ગળાની પુષ્પમાળા ક્યારેય સૂકાતી કે કરમાતી નથી અને જેનું શરીર પરસેવા તથા ગંદકી રહિત હોય છે તે દેવતા કહેવાય છે.' પણ આ શું ? અહીં તો બધાના પગ જમીન પર છે અને તેઓની આંખો માણસની આંખોની






જેમપલકારા પણ મારે છે.'' અને તરત જ રોહિણેયને યુક્તિની ગંધ આવી કે આ બધું જૂઠું છે અને હું પોતાની લૂંટ-ફાટ કબૂલ કરું તે હેતુ માટે પ્રયોજી છે. એણે પેલા દૂતને જવાબ આપ્યો, ''આગળના ભવમાં મેં બધી જ જગ્યાએ દાન આપ્યું હતું. ઘણા મંદિરો બનાવડાવ્યા હતા અને યાત્રીઓ માટે ઘણાં પવિત્ર સ્થળો બનાવ્યા હતા.'' આમ અભયકુમારની યુક્તિ નિષ્ફળ ગઈ અને રોહિણેય કેદમાંથી છૂટી ગયો.

રોહિણેય છૂટી તો ગયો પણ એનું મન હંમેશા વિચારોમાં રહેતું કે આ શું બની ગયું. એ વિચારવા લાગ્યો, ''મારા પિતાની આજ્ઞાને ધિક્કાર છે કે જેથી હું આજ સુધી ભગવાનના શબ્દોથી વંચીત રહ્યો. ભગવાનના આટલા શબ્દો જો મારા કાને ન આવ્યા હોત તો અત્યારે હું સજા ભોગવી રહ્યો હોત. જેના ઉપદેશના થોડા શબ્દોએ મને આટલું ફળ આપ્યું, તો જો એમનો સરખો ઉપદેશ સાંભળ્યો હોય તો તે શું ફળ ન આપે?''

આ પ્રમાણે મનમાં વિચાર કરીને એ તરત જ ભગવાન પાસે જઈ એમના પગે પડ્યો. જીવનમાં કરેલાં બધા કુકૃત્યોની ભગવાન પાસે આલોચના (કબૂલાત) કરી. ચોરેલ બધો સામાન પાછો વાળ્યો અને ત્યાં જ દીક્ષા લીધી. પોતાના પાપોને ધોવા માટે તપ આદર્યું અને જીવનને અંતે દેવલોકે ગયો.

જોયું મિત્રો, ભગવાનની વાણીનો પ્રતાપ!



# ઐતિહાસિક ગૌરવગાથાઓ

ઘણા સમય પહેલાની વાત છે. હિમાલયની તળેટીમાં આનંદમુનિ નામે એક ઋષિ પોતાના શિષ્યો સાથે રહેતા હતા. ચોમાસાની ઋતુ દરમ્યાન હિમાલય પર ખૂબ ઠંડી હોવાને લીધે તેઓ થોડાક સમય માટે નજીકમાં આવેલા વારાણસી નગરમાં ગયા અને ત્યાંના રાજાને થોડા સમય પૂરતું ઋષિગણને આશ્રય આપવાની વિનંતી કરી.

રાજાએ આનંદમુનિ અને એમના શિષ્યોને પોતાના મહેલના જ એક સુંદર અને વિશાળ બાગમાં રહેવાની સગવડ કરી આપી. ભોજનની વ્યવસ્થા પણ રાજભવનમાંથી જ કરી આપી.

દિવસો પસાર થવા લાગ્યા. ઋષિવૃંદ પોતાની સાધનામાં સમય પસાર કરતું હતું. એક દિવસ બપોરના ભોજન પછી, આનંદમુનિના મુખ્ય શિષ્ય બ્રહ્મદત્ત બીજા શિષ્યો સાથે વાર્તાલાપ કરવા બેઠા. તે જ સમયે રાજાનો મુખ્ય પ્રધાન ત્યાંથી પસાર થયો. ઋષિ બ્રહ્મદત્તનો અવાજ સંભળાતા ઉત્સુકતાવશ તેઓ ઋષિગણનો વાર્તાલાપ સાંભળવા ત્યાં જ ઊભા રહ્યા. ઋષિ બ્રહ્મદત્ત ઉમંગભેર બોલી રહ્યા હતા, ‘‘બહુ જ આનંદ થયો, બહુ જ આનંદ થયો.’’ આ સાંભળી પ્રધાનને વિચાર આવ્યો, ‘‘આ સાધુ લાલચુ લાગે છે. હિમાલયમાં આવું સ્વાદિષ્ટ ભોજન ક્યાંથી મળે? રાજભવનના ભોજનનો સ્વાદ એમના જીભમાં રહી ગયો લાગે છે.’’

તરત જ પ્રધાન રાજા પાસે પહોંચી ગયા અને એમને ઋષિ બ્રહ્મદત્તની લાલચુ વૃત્તિની વાત કરી. રાજાએ પણ પ્રધાનની વાત વગર વિચાર્યે માની લીધી. એમને થયું, મારે આનંદમુનિને એમના શિષ્યની આ બાબત અંગે જાણ કરવી જોઈએ. આમ વિચારી તેઓ તરત આનંદમુનિને મળવા ગયા.

ભરબપોરે અચાનક રાજાને આવેલા જોઈ આનંદમુનિ એટલું તો કળી જ ગયા કે નક્કી કોઈ સમસ્યા ઊભી થઈ છે. ખૂબ પ્રેમઅને સ્વસ્થતાથી એમણે રાજનને આવકાર્યા અને આસન ગ્રહણ કરવા વિનંતી કરી. રાજા તો વાત કહી દેવા અધીરા થઈ ગયા હતા. આસન પર બેસતાં જ એમણે આનંદમુનિને કહ્યું, ‘‘તમારા મુખ્ય શિષ્ય બ્રહ્મદત્ત વિશે મેં કંઈક સાંભળ્યું છે.’’

આનંદમુનિએ રાજાને

આગળ બોલતા અટકાવતા કહ્યું, "રાજન, કંઈ પણ કહેતા પહેલા તમારે મારા ત્રણ પ્રશ્નોના જવાબ આપવા પડશે. ત્યાર બાદ હું તમારી વાત સાંભળીશ."

"ત્રણ પ્રશ્નો ?" રાજાએ આશ્ચર્યથી પૂછ્યું.

"હા, ગભરાવાની જરૂર નથી, પ્રશ્નો ખૂબ જ સહેલા છે. પહેલો પ્રશ્ન એ છે કે, "તમે મને જે કહેવા આવ્યા છો, તમે ખાતરી કરી છે કે એ વાત તદ્દન સાચી છે ?"

"ના", રાજાએ અચકાતા કહ્યું, "ખબર નથી. આમતો આ વાત મને મારા પ્રધાને કરી છે. હું તો..."

"બરાબર છે, એટલે તમને ખબર નથી કે વાત સાચી છે કે નહીં. હવે બીજો પ્રશ્ન. તમે મારા શિષ્ય વિશે જે વાત કહેવા આવ્યા છો, શું એ સારી છે ?" આનંદમુનિએ પૂછ્યું.

"ના, ઊલટું એ તો..." રાજા ઢીલા પડતાં ગયા.


"હવે છેલ્લો પ્રશ્ન. તમે મને મારા શિષ્ય વિશે જે વાત કહેવા આવ્યા છો, શું તે મને કોઈ રીતે કામમાં આવે એવી છે?"


"ના, ખરેખર તમારા કામની તો નથી પણ તમારા શિષ્ય માટે કામની છે." રાજાએ વિચારીને કહ્યું.

"રાજન, તો જે વાત સારી નથી, સાચી નથી કે મારા કોઈ કામની નથી એ વાત સાંભળવાની મને જરૂર જ નથી."

હવે રાજાની ધીરજ ખૂટી ગઈ. એ બોલ્યા, "પણ તમારા શિષ્યો આવા લાલચુ હશે એવી મને આશા ન હતી. સાધુઓ તો

> "રાજન, કંઈ પણ કહેતા પહેલા તમારે મારા ત્રણ પ્રશ્નોના જવાબ આપવા પડશે. ત્યાર બાદ હું તમારી વાત સાંભળીશ."





ભૌતિક વસ્તુઓથી નીરસ હોય છે. પણ આપનો શિષ્ય રાજભવનના સ્વાદિષ્ટ ભોજનમાં લલચાઈ ગયો. ભોજન બાદ એને જોર જોરથી 'બહુ જ આનંદ થયો, બહુ જ આનંદ થયો' એવું કહેતા મારા પ્રધાને સાંભળ્યો છે. રાજાની વાત સાંભળી આનંદમુનિ થોડું હસ્યા. રાજાને એમનું હાસ્ય રહસ્યમય લાગ્યું. આનંદમુનિએ ખૂબ શાંતિથી કહ્યું, ''રાજન, તમને કદાચ જાણીને નવાઈ લાગશે કે મારો મુખ્ય શિષ્ય બ્રહ્મદત્ત વારાણસી કરતા પણ મોટા રાજ્યનો રાજા હતો. જે આનંદની વાત એ કરી રહ્યો હતો તે આનંદ સાધુ જીવનની ધન્યતાનો હતો. રાજા તરીકે એણે આવો આનંદ પહેલા ક્યારેય નહોતો અનુભવ્યો, જે અત્યારે સાધુ દશામાં અનુભવી રહ્યો છે. તેથી એ આટલો બધો ઉત્સાહમાં આવી ગયો હતો.''

આ સાંભળી રાજા તો ઠંડાગાર થઈ ગયા. રાજાના ચહેરા પરના ભાવ જોઈ આનંદમુનિ બોલ્યા, ''રાજન, સાંભળેલી વાતો પર વિશ્વાસ કરવાનું પરિણામ જોયું ને!''

રાજા નીચું જોઈ ગયા. એમણે બે હાથ જોડી ઋષિની માફી માંગી. આનંદમુનિ બોલ્યા, રાજન, આજથી તમે પણ કોઈના વિશે સાંભળતા પહેલા આ ત્રણ પ્રશ્નોનો જરૂર ઉપયોગ કરજો.

૧) શું એ વાત તદ્દન સાચી છે ?

૨) શું એ વાત સારી છે ?

૩) શું એ વાત આપણને કામની છે?

આ તમને ખોટા અભિપ્રાયો બાંધવામાંથી બચાવશે અને એ વ્યક્તિ સાથેના તમારા સંબંધમાં ક્યાંય તિરાડ નહીં પડવા દે.

રાજાને આનંદમુનિની વાત બિલકુલ ગળે ઊતરી ગઈ. ફરી આવી ભૂલ ક્યારેય નથી કરવી એવો દૃઢ નિશ્ચય કરી રાજા પાછા ફર્યા.



# હા...હા...હી...હી...

પપ્પુ અને ટપ્પુને બે બોમ્બ મળ્યાં
પપ્પુ: ચાલ પોલીસને આપી આવીએ.
ટપ્પુ: એકાદ બોમ્બ રસ્તામાં ફૂટી ગયો તો?
પપ્પુ: પોલીસને ખોટું બોલી દઈશું કે એક જ મળ્યો'તો.

પપ્પુ: મને એક પ્રોબ્લેમ છે.
ડૉક્ટર: શું?
પપ્પુ: વાતો કરતી વખતે સામેવાળો માણસ નથી દેખાતો.
ડૉક્ટર: આવું ક્યારે થાય છે?
પપ્પુ: ફોન પર વાત કરતી વખતે.

ટપ્પુ: તને ગરમી લાગતી હોય તો તું શું કરે?
પપ્પુ: એ.સી.ની પાસે જઈને બેસી જાઉં.
ટપ્પુ: અને તો પણ ગરમી લાગે તો?
પપ્પુ: તો એ.સી. ચાલુ કરી લઉં.



એકવાર ટપ્પુની છત્રીમાં કાણું જોઈને પપ્પુએ પૂછ્યું, 'છત્રીમાં કાણું કેમ છે?'
ટપ્પુ બોલ્યો, 'અરે, વરસાદ બંધ થઈ જાય તો ખબર પડે માટે.'

પોલીસ: તને કાલે સવારે પાંચ વાગે ફાંસી દેવાની છે.
પપ્પુ: હા... હા... હા... હા...!
પોલીસ: કેમ હસે છે?
પપ્પુ: હું ઊઠું જ છું સવારે ૯ વાગે.





શું તમને તાવ આવ્યો છે? ના, જઈ રહ્યો છે ! તાવ જ્યારથી પ્રગટ થાય છે, ત્યારથી જવાની શરૂઆત થાય છે, ત્યારે આપણાં લોક કહે છે કે તાવ આવ્યો છે, પણ કયે દહાડે તાવ આવે છે. તેની લોકોને ખબર જ પડતી નથી. તાવ આવવાની ક્રિયા તો પહેલા થઈ ગયેલી છે. જ્યારથી તમે ખોટું ખાવા માંડ્યુંને, ત્યારથી જ એ ક્રિયા શરૂ થઈ ગઈ છે. હવે તાવ નીકળવાની વ્યવસ્થા થઈ છે અને એ તાવ જાય છે તે ખબર પડે છે. આ તાવ ખરેખર તો જઈ રહ્યો છે.




સૂર્ય કોઈને તાપ આપતો નથી. એનો સ્વભાવ ઠંડો છે ! એ ખાલી પ્રકાશનો જ ગોળો છે. સૂર્ય જો ગરમહોય તો આપણને અહીં આગળ ગરમી લાગે છે તેમજેમઊંચે ચઢીએ, દશ હજાર ફૂટ, પચ્ચીસ હજાર ફૂટ તો વધારે ગરમી લાગે. તો આપણે ઊંચે ચઢીએ છીએ, ત્યારે શું થાય છે ? હિલ સ્ટેશન ઉપર તો ઉનાળાને દહાડે ટાઢ વાય. કારણ કે ઉપર જેમ જેમ જાયને તેમ તેમ ઠંડું થતું જાય. માટે સૂર્ય ગરમી નથી આપતો. ખરી રીતે સૂર્યના રેઝ (કિરણો) આ ધરતીને અડે છે ને, ત્યારે ગરમી ઉત્પન્ન થાય છે !




આ સૂર્ય, ચંદ્ર જે દેખાય છે તે તો એનું બિંબ છે. આત્મા મહીં બદલાયા કરે. આયુષ્ય પૂરું થાય કે આત્મા જાય ને પાછો બીજો આત્મા આવીને હાજર થઈ જાય. સૂર્યનારાયણનો જે આત્મા છે ને, એ આત્મા બદલાયા કરે છે અને પુદ્ગલ (બિંબ) તેનું તે જ રહે છે. ચંદ્રમાંથીય આત્મા નીકળી જાય, ત્યારે બીજો ત્યાં હાજર થઈ જાય. આ મનુષ્યના બિંબને બાળી મૂકવું પડે. એમનું બિંબ બાળી મૂકવાનું ના હોય.
દા.ત. એક પ્રધાન બદલાય ત્યારે પ્રધાનનો બંગલો એનો એ જ, પણ બીજો પ્રધાન પાછો મહીં આવીને રહે. એવી રીતે આ બિંબ છે, તે બિંબ બધા એનાં એ જ રહે છે ને મહીં જીવ બદલાયા કરે છે. એ સૂર્ય એકલો નથી, એની રાણી સાથે છે, દેવી સાથે. દેવલોકોમાં આ બધા બિંબ પ્રકાશવાન હોય છે.
જ્યોતિષ્ક દેવો કહેવાય છે આ બધા.





# મીઠી યાદેં

દાદાએ આપણને વાંચતી વખતે એકાગ્રતા વધારવા એક એક અક્ષર વાંચીને 'દાદા ભગવાનના અસીમજયજયકાર હો' બોલવાનું કહ્યું છે, એ એમણે કઈ રીતે શોધી કાઢ્યું હતું જાણો છો?

એક વાર દાદાને ક્યાંક જવાનું હતું. બસ સ્ટેન્ડ પર પહોંચ્યા. રાહ જોતા જોતા કલાક થઈ ગઈ. તેઓ હોટલમાં ચા પીવા ગયા. ત્યાં તો બસ આવી ને ઊપડી ગઈ. એક મિનિટ માટે દાદા બસ ચૂકી ગયા. જો પહેલેથી ના આવ્યા હોત અને બસ ચૂકી ગયા હોત તો આપણે જાણીએ કે 'લેટ' થયા ચાલો. પણ આ તો પહેલેથી આવ્યા ને બસ ના પકડાઈ! અને દોઢ કલાક પછી બીજી બસ આવે. શું હાલત થાય? ઊભું રહેવાનું ગમે નહીં. હવે દોઢ કલાક તો વીસ કલાક જેવા લાગે.

ત્યારે એમને થયું કે, મોટામાં મોટી મૂર્ખાઈ હોય તો આ રાહ જોવી તે છે. કોઈ પણ માણસની કે કોઈ વસ્તુની રાહ જોવી એના જેવી ફુલિશનેસ નથી આ દુનિયામાં !! એટલે ત્યારથી, બાવીસ વર્ષની ઉંમરથી રાહ જોવાનું બંધ કરી દીધું. અને જ્યારે રાહ જોવાનું થાય ને, તે ઘડીએ મનને બીજા કામમાં લગાડી દે એટલે એ ફાંફાં માર માર ન કરે. ત્યારે એમણે આ ગોઠવણી કરેલી કે કૃપાળુદેવનું પદ હોય એ આંખ બંધ કરીને વાંચે. શબ્દે શબ્દ, અક્ષર, કાનો - માત્રા સાથે બધું દેખાય!

આવું કરવાથી અંદરની મશીનરી બધી બંધ થઈ ગઈ અને સ્થિરતા આવી ગઈ. એટલે એકાગ્રતા વધારવાની આ એમની મોટામાં મોટી શોધખોળ આ રીતે થઈ હતી.

★★★

નીરુમા નાના હતા ત્યારે એમને સાઈકલ શીખવી'તી. એમના મોટા ભાઈ એમને સાઈકલ શીખવાડવાની બહુ મહેનત કરતા. નીરુમા સાયકલ ચલાવે ત્યારે એ એમની પાછળ દોડતા કે ક્યાંક નીરુમા પડી ન જાય અને એમને વાગી ન જાય. છતાં નીરુમા એટલી વાર સાયકલ શીખતા પડ્યા છે અને એટલી વાર ગોઠણ છોલાયા છે કે ન પૂછો વાત. એમને ફાવતું જ નહોતું. એ કેવું કરતા કે સાઈકલ ચલાવતા ચલાવતા જો કોઈ સામે આવેને તો સાઈકલને પડતી મૂકે અને સીધો ભૂસકો જ મારે કારણ કે એમની હાઈટ નાની એટલે એમને ઊતરતાં ફાવે નહીં. પણ આવું કરે એટલે સાઈકલ પણ તૂટી જાય. આમ





મોટાભાઈએ એમને શીખવવાની બહુ મહેનત કરી પણ એમને ન આવડી તે ન જ આવડી. અંતે એમની બધી ફ્રેન્ડસે નક્કી કર્યું કે, 'તારે સાઈકલ ચલાવવાની જ છે. અમે બધા તારી સાથે રહીશું. પણ સાઈકલ તો તારે જ ચલાવવાની.' પછી તો નીરુમાને વચ્ચે રાખે અને બેઉ બાજુ પેલા રક્ષક હોય એમબે ફ્રેન્ડસ પાછળ સાઈકલ ચલાવે અને આમઆખી સવારી કોલેજમાં પહોંચે. જાણે રાજરાણી આવતા હોય એવી એમની સવારી લાગે, પોતે વચ્ચે અને ચારે બાજુ ફ્રેન્ડસ. પણ કો'ક સામે આવે અથવા ઊતરવાનું આવે ત્યારે તો કાં તો મોટાભઈ આવે અથવા ફ્રેન્ડસ પકડે ત્યારે એ ઉતરે અથવા તો પછી સીધો ભૂસકો જ મારે.

★★★

જાણો છો મિત્રો, આજે લોકોની પ્રકૃતિને આરપાર જાણી જનારા, બધી જ ખાવાની ચીજ-વસ્તુઓના સ્વાદ પરફેક્ટ જાણનારા, દરેક બાબતમાં, વસ્તુઓમાં બારીકમાં બારીક નિરીક્ષણ કરનારા પૂજ્ય દીપકભાઈને શરૂઆતના દિવસોમાં કેવા છબરડા વળતાં. જ્ઞાન લીધા પછી ૧૭-૧૮ વર્ષની વયે જ્યારે તેઓ માસીબાના ઘરે આવતા તે સમયનો આ પ્રસંગ છે.

દીપકભાઈનું ઘર માસીબાના ઘરથી નજીક એટલે રોજ એમના ઘરે જતા. નીરુમા પણ ત્યાં જ હોય દીપકભાઈ બહારના બે ત્રણ કામ પતાવવા જતા હોય તો નીરુમા એમને સાથે સાથે શાક લઈ આવવાનું કહેતા. પણ દીપકભાઈના મગજમાં, આત્મા શું હશે ને કેવો હશે એ જ ચાલ્યા કરતું હોવાથી શાક લાવવાનું મગજમાંથી નીકળી જાય અને એમને એમ સીધા ઘરે પાછા આવી જાય. દર વખતે ભૂલી જ જાય. એટલે પછી નીરુમા જ્યારે એમને બીજા કામ સાથે શાક લાવવાનું સોંપે ત્યારે એમને ઝભ્ભામાં કે રૂમાલમાં ગાંઠ બાંધી આપતા કહે, "હું ગાંઠ બાંધી આપું છું એટલે ગાંઠને જોઈને તને, મારે શાક લેવાનું છે એ યાદ આવે." તોય એમને એમજ પાછા આવે. પૂછે કે શાક કયાં ગયું? તો કહે કે એ તો ભુલી ગયો. અરે, આ તને ગાંઠ બાંધી દીધી'તીને, તે જોઈ નહીં? તો કહે, હા. મેં જોઈ ખરા, પણ શેના માટે બાંધી છે ને એ મને ના યાદ આવ્યું. એટલે પછી એમને એમ પાછો આવી ગયો. - આવું થતું.

પછી નીરુમાએ એમને શાકમાં ગલકા લાવવાનું કહ્યું હોય અને એ પ્રમાણે પૈસા આપ્યા હોય. તો કાકડી લઈને પાછા આવે. ગલકાના ભાવમાં અને કાકડીના ભાવમાં બહુ ફરક. કાકડી સસ્તી હોય અને ગલકું મોંઘું હોય એટલે પૈસા ગલકાના આપી આવે અને લઈને આવે કાકડી. પછી નીરુમા એમને પૂછે કે, 'અરે દીપક, આ તો તું કાકડી લઈને આવ્યો. તને તો ગલકા માટે મોકલ્યો હતો અને ગલકાના પૈસા આપ્યા હતા. તને ખબર ના પડી?' તો કહે, 'હા. પણ મેં શાકવાળીને પૂછ્યું તો એણે એવું જ કહ્યું કે આ ગલકા જ કહેવાય.' નીરુમા કહે, 'એ તો એવું જ કહેને. એને વધારે પૈસા મળતા હોય તો એ થોડી છોડે.' એટલે શાક લાવવામાં ય આવા ગોટાળા થયા કરે.

પણ આમ કરતાં કરતાં નીરુમા દીપકભાઈને બધી રીતે ઘડતાં, શીખવાડતાં.

# ચાલો રમીએ...

નીચે આપેલ રમતમાં તમારે આપેલ સંખ્યાઓના જૂથને આપેલ નીચેના ચોકઠામાં ગોઠવવાની છે. પરંતુ યાદ રાખજો મિત્રો, એક સંખ્યાનો ઉપયોગ ફક્ત એક જ વાર કરવો.

**બે**

| | | | |
|---|---|---|---|
| ૧૦ | ૧૯ | ૨૦ | ૨૫ |
| ૩૨ | ૩૩ | ૩૬ | ૪૧ |
| ૪૯ | ૫૧ | ૫૪ | ૫૫ |
| ૬૩ | ૬૬ | ૬૯ | ૭૦ |
| ૨૮ | ૮૮ | ૯૧ | ૯૩ |
| ૪૬ | ૭૪ | ૨૯ | ૬૦ |
| ૫૮ | ૯૭ | ૪૮ | ૮૧ |

**ત્રણ**

| | |
|---|---|
| ૧૪૨ | ૩૦૧ |
| ૫૧૪ | ૮૦૬ |
| ૨૦૦ | ૪૧૩ |
| ૬૪૭ | ૮૭૧ |
| ૨૬૪ | ૯૦૮ |
| ૪૪૦ | |
| ૭૮૦ | |

**ચાર**

| | |
|---|---|
| ૧૩૨૪ | ૬૯૬૨ |
| ૫૧૦૬ | ૪૦૪૮ |
| ૯૫૫૬ | ૭૮૨૫ |
| ૨૪૫૫ | ૪૯૫૩ |
| ૫૩૭૨ | ૯૫૯૬ |
| ૮૨૬૧ | |
| ૩૯૧૨ | |

**પાંચ**


| | | |
|---|---|---|
| ૧૧૯૪૦ | ૧૫૪૧૫ | ૧૬૫૪૦ |
| ૨૭૧૮૧ | ૩૩૦૮૮ | ૩૪૧૦૯ |
| ૩૬૮૦૯ | ૪૦૦૦૬ | ૪૦૬૧૫ |
| ૫૩૦૩૭ | ૫૩૩૦૨ | ૫૫૩૩૨ |
| ૫૬૪૧૩ | ૫૯૯૪૬ | ૬૧૦૦૩ |
| ૬૩૪૨૪ | ૭૦૧૩૦ | ૭૦૮૬૨ |
| ૭૯૬૪૦ | ૮૫૦૧૦ | ૯૩૨૦૧ |

**છ**

| | |
|---|---|
| ૨૬૯૭૮૫ | ૪૮૫૩૧૬ |
| ૪૯૦૦૨૧ | ૫૬૪૪૩૨ |
| ૭૪૫૫૯૪ | ૯૦૫૭૮૫ |
| ૪૧૨૨૬૦ | |
| ૫૦૪૩૧૯ | |
| ૮૪૨૬૦૧ | |
| ૯૮૩૨૪૦ | |

**સાત**

| |
|---|
| ૧૧૦૯૨૮૪ |
| ૨૯૩૪૪૭૫ |
| ૬૦૫૬૭૮૭ |
| ૬૧૭૮૯૦૧ |
| ૬૨૪૧૫૪૯ |
| ૨૨૯૫૫૭૧ |
| ૫૩૨૩૪૪૫ |
| ૬૨૫૨૫૪૯ |



# ૨૦ તફાવત શોધો.






# મગજ કસો

૧) સીમંધર સીટીમાં થયેલ કિડ્સ કેમ્પ બાદ અશ્મિ, બેલા, ચારુ અને દિપા પૂજ્યશ્રીના દર્શન માટે લાઈનમાં ઊભા હતા. શું તમે નીચે આપેલ ચાવીઓ પરથી કહી શકો કે તેઓ કયા ક્રમમાં ઊભા હશે ?

૧) ચારુ અશ્મિ અને બેલાની વચ્ચે ઊભી છે.
૨) દીપા અશ્મિની બાજુમાં ઊભી છે.
૩) બેલા પહેલી ઊભી નથી.

૨) સોનાલી, રવિ અને દીપ જ્યારે ધારાના ઘરે હતા ત્યારે દૃષ્ટિ તેના હાથમાં કંઈક વસ્તુ લઈને આવી. બન્ને હાથ પાછળ છૂપાવીને એ બોલી, "મારા હાથમાં આપણા બધા માટે એક સરસ વસ્તુ છે. બોલો, શું હશે ?" દરેકે પોતાના અનુમાન પરથી દૃષ્ટિના હાથમાં શું હશે તે કહ્યું. પણ તેમાંથી એકનું જ સાચું હતું. શું તેઓના અનુમાન પરથી તમે કહી શકો કે દૃષ્ટિના હાથમાં શું હતું?

સોનાલીએ કહ્યું, "અક્રમ એક્સપ્રેસ"
રવિએ કહ્યું, "પઝલ બુક"
દીપે કહ્યું, "મને લાગે છે, કાં તો અક્રમ એક્સપ્રેસ અથવા તો વિડિયો ગેમ છે."
ધારાએ કહ્યું, "વિડિયો ગેમ જ છે."

૩) અમૃતા, અભિનવ અને પ્રતિકે અંબા રિફ્રેશમેન્ટમાં બર્ગર, સેન્ડવિચ અને પીઝાનો ઓર્ડર આપ્યો હતો. કાઉન્ટર પરના માણસે પૂછ્યું, "કોણે શું ઓર્ડર આપ્યો છે ?" અભિનવે કહ્યું, "મેં પીઝા નથી મંગાવ્યા." જે છોકરાએ સેન્ડવીચ મંગાવી હતી તેણે કહ્યું, "ઓહ! મને લાગ્યું કે તે પીઝા મંગાવ્યા છે."

બસ, આટલા પરથી તમે કાઉન્ટર પરના માણસને કોણે શું મંગાવ્યું હતું એ સમજવામાં મદદ કરો.

૪) બે મમ્મી અને બે દીકરીઓ ચપ્પલ ખરીદવા બજારમાં ગયા. દરેક જણે એક-એક જોડી ચપ્પલ ખરીદ્યા. કુલ ત્રણ જોડી ચપ્પલ થયા. બોલો, કેવી રીતે ?

જવાબો :


૧) પહેલી દીપા, બીજી અશ્મિ, ત્રીજી ચારુ અને ચોથી બેલા.
મુખ્ય ચાવી એ છે કે બેલા પહેલી નથી. ચારુ અશ્મિઅને બેલાની વચ્ચે હોય તો બેલા ત્રીજી અથવા ચોથી હોવી જોઈએ. પણ દીપા અશ્મિની બાજુમાં છે તેથી પહેલી દીપા, બીજી અશ્મિ, ત્રીજી ચારુ અને ચોથી બેલા થાય.

૨) એક સાથે બે બાળકોના જવાબ સાચા નથી. માટે જો વિડિયોગેમ હોય તો દીપ અને ધારા બન્ને સાચા હોય. અને જો અક્રમએક્સપ્રેસ હોય તો દીપ અને સોનાલી બન્ને સાચા હોય. માટે રવિનો જવાબ સાચો છે અને તે છે પઝલબુક.

૩) અભિનવે બર્ગર, પ્રતિકે સેન્ડવિચ અને અમૃતાએ પીઝાનો આર્ડર આપ્યો છે. આપણને ખબર છે કે અભિનવે પીઝા નથી મંગાવ્યા એટલે તેણે સેન્ડવીચ અથવા બર્ગર લીધી હોય પણ જેણે સેન્ડવીચ મંગાવી છે એ અભિનવ સિવાયનો કોઈ છોકરો છે. તેથી પ્રતિકે સેન્ડવિચ અને અમૃતાએ પીઝા અને અભિનવે બર્ગરનો આર્ડર આપ્યો છે.

૪) ફક્ત ત્રણ જણ ખરીદી માટે ગયા હતા. એક નાનીમા, બીજી મમ્મી અને ત્રીજી દીકરી. મમ્મી એ નાનીમાની દીકરી થાય. અને નાનીમા એ મમ્મીની મમ્મી થાય. આમ, બે મમ્મી અને બે દીકરી થયા.

# પઝલના જવાબો






# પીગી બેન્ક (ક્રાફ્ટ વર્ક)

**પૈસા ભેગા કરી, સારી-સારી વસ્તુઓ લાવવાની કોને મઝા ન આવે ? બધાને આવે, નહીં ?**



આ માટે જરૂરી સાધનો :

૧) બે ડિસપોઝેબલ બાઉલ
૨) હલકું પૂઠું
૩) રંગીન વાયર
૪) ૪ દોરા વીંટવાની ખાલી રીલ (પૂંઠાની ચાલશે)
૫) એક્રેલિક પેઈન્ટ કલર, માર્કર પેન
૬) પેઈન્ટ માટેનું બ્રશ
૭) ફેવીકોલ
૮) પેન્સિલ
૯) કટર
૧૦) પેપરમાં કાણા પાડવાનું પંચ મશીન

Akram Express


May 2010
Year : 2, Issue : 9
Conti. Issue No.: 21

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/09-11
valid up to 31-12-2011
LPWP Licence No. CPMG/GJ/27/2009-2011
valid up to 31-12-2011
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

# : રીત :

૧) ચિત્રમાં બતાવ્યા પ્રમાણે પૂઠાં પર પીગ(ડુક્કર)નું મુંહ દોરો અને એ આકાર કાપો.




૨) એક બાઉલની એક બાજુ સવા ઈંચ માપનો કાપો મૂકો.

૩) તે કાપામાંથી ડુક્કરના માથાની પટ્ટીઓ પસાર કરો અને તેને અંદરની તરફ વાળીને ગુંદરથી ટાડો (બતાવ્યા પ્રમાણે).




૪) માથું ચોંટાડ્યાની બીજી બાજુએ પંચ મશીનથી કાણું પાડી રંગીન વાયર એમાંથી પસાર કરી એને અંદરથી વાળી ટાઈટ કરી દો. આ બની ગઈ પૂંછડી.

૫) ડુક્કરની પીઠના વચ્ચોવચ કટરની મદદથી મોટામાં મોટો સિક્કો પસાર થાય એટલો કાપો મૂકો. (આશરે પા ઈંચ પહોળો અને દોઢ ઈંચ લાંબો)

૬) ડુક્કરનું શરીર બનાવવા બીજા બાઉલના કાંઠા પર ફેવીકોલ લગાડી માથાવાળું બાઉલ બતાવ્યા પ્રમાણે એના ઉપર ચોંટાડો અને તેને સૂકવવા દો.

૭) હવે તેના પગ બનાવવા માટે ૪ પૂંઠાની ખાલી રીલને નીચેના ભાગમાં લગાવો અને તેને સૂકવવા દો.

૮) હવે તમારા પીગી બેંકના મોઢા પર આંખ, નાક અને કાન દોરો અને તમારી રીતે એને સજાવો.

તમારું નવું પીગી બેન્ક તૈયાર છે. તમે બચત શરૂ કરી શકો છો. મહિનાને અંતે બચતની રકમ કોઈ સત્કાર્યમાં વાપરી શકો છો જેમ કે,

અનાથ આશ્રમના બાળકોને ફળ ખવડાવી શકો છો, જરૂરિયાતવાળા માટે દવા, કપડા વગેરે લઈ આપી શકો, મંદિરની દાન પેટીમાં નાખી શકો, સીમંધર સ્વામીના દેરાસરમાં, યુથ કેમ્પના આયોજન માટે, દાદાના પુસ્તકો છપાવવા માટે, શિબિરમાં બાળકોને જમાડવા માટે વગેરે.




માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.